બજરંગ દળના કાર્યકરોએ હોટલ પર દરોડો પાડી આખી ઘટનાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો

# નડિયાદ શહેરની શાળાના ઈન્ચાર્જ આચાર્યે LCના બહાને મહિલાને હોટલમાં બોલાવી

**મહિલાને** અમદાવાદની હોટલમાં બોલવી હતી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14
નડિયાદની એક શાળાના ઈન્ચાર્જ આચાર્ય મહિલા સાથે અમદાવાદની હોટલમાંથી ઝડપાતા ભારે હોબાળો મચી ગયો છે. વિદ્યાર્થીના એલસી આપવાના બહાને આચાર્યએ મહિલાને હોટલ પર બોલાવી હોવાનો પર્દાફાસ થયો છે. બજરંગ દળના કાર્યકરોએ બાતમીના આધારે હોટલ પર પહોંચી ઈન્ચાર્જ આચાર્યને ઝડપી પાડ્યા હતા.

નડિયાદની શાળામાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા કિરીટસિંહ ઝાલાએ પોતાના જ સંકુલના એક બાળકની માતાને એલસી આપવાના બહાને અમદાવાદની એક હોટલમાં બોલાવી હતી. આચાર્યએ મહિલાને જબરદસ્તી હોટલમાં આવવા મજબૂર કરી હોવાનો આરોપ પણ સામે આવ્યો છે. જે



સમયે આચાર્ય હોટલમાં મહિલા સાથે હાજર હતા, તે જ સમયે બજરંગ દળના કાર્યકરો ત્યાં પહોંચી ગયા હતા. કાર્યકરોએ આચાર્યને મહિલા સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે આચાર્ય પાસેથી શાળાની એલસી બુક પણ મળી આવી હતી, જે બાબતે અનેક સવાલો ઊભા થયા છે. આ ઘટના અંગે બજરંગ દળના સંયોજક દ્વારા સોશિયલ મીડિયા પર વિડિયો વાયરલ કરવામાં આવ્યો છે, જેમાં આચાર્યની કરતૂત ખુલ્લી પડી છે. આ મામલો સોશિયલ મીડિયામાં વાયુવેગે પ્રસરતા શિક્ષણ જગતમાં ભારે ચર્ચા જાગી છે. હાલમાં આ મામલે અમદાવાદના વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં કિરીટસિંહ ઝાલા વિરુદ્ધ લેખિતમાં અરજી કરવામાં આવી છે. પોલીસ આ મામલે આચાર્યની પૂછપરછ અને આગળની તપાસ ચલાવી રહી છે. આ ઘટનાને પગલે વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# આંકલાવ નજીક બે બાઈક અથડાતાં એકનું કરૂણ મોત

(પ્રતિનિધિ) આંકલાવ તા.14
આંકલાવની ગંભીરા ચોકડી પાસે રહેતા પ્રતાપભાઈ મેલાભાઈ પઢિયાર ડભાસા સ્થિત ઈલીઝીયમ ફાર્મા કંપનીમાં નોકરી કરતા હતા. તેઓ પોતાની મોટરસાયકલ પર સવાર થઈ નોકરી પર જઈ રહ્યા હતા, તે દરમિયાન માનપુરા ઉમેટા રોડ પર સેમ ફાર્મ પાસે આ અકસ્માત નડ્યો હતો.

સામેથી આવતા એક વાહનની લાઈટનું અજવાળું અચાનક આંખોમાં આવતા પ્રતાપભાઈ અંજાઈ ગયા હતા અને તેમણે પોતાની બાઈક પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ ગુમાવતા તેમની બાઈક રોડની જમણી બાજુ વળી ગઈ હતી અને સામેથી આવતા અન્ય એક મોટરસાયકલ સાથે જોરભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બંને મોટરસાયકલ ચાલકો રોડ પર પટકાયા હતા.

આ અકસ્માતમાં પ્રતાપભાઈને પંજા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે અન્ય મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્ત પ્રતાપભાઈને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ બનાવ સંદર્ભે મૃતકના પુત્ર ધર્મેન્દ્રભાઈ પઢિયારે આંકલાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મહુધામાંવાડીનાનામેદાનઓહિયાં કરવાના કેસમાં તપાસ શરૂ કરાઈ

**નિવૃત્ત પોલીસ સબ** ઇન્સ્પેક્ટરની ફરિયાદ પર કોર્ટે આદેશ કર્યો

(પ્રતિનિધિ) મહુધા તા.14
મહુધા તાલુકાના ભૂમશ ગામે બ્રહ્મ સમાજની વાડી બનાવવાના બહાને સમાજના લોકો અને દાતાઓ પાસેથી લાખો રૂપિયાનું દાન ઉઘરાવી, તેનો અંગત ઉપયોગ કરી નાણાકીય ઉચાપત કરવાના ગંભીર આક્ષેપ હેઠળ મહુધાની કોર્ટના આદેશ બાદ કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ ભાનેર ગામના અને હાલ વડોદરા સ્થિત નિવૃત્ત પોલીસ સબ ઈન્સ્પેક્ટર જગદીશભાઈ શ્રીમાળીએ મહુધા કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી કે, વર્ષ 2013માં 'દસ ગામ બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ'ની રચના કરવામાં આવી હતી. આ ટ્રસ્ટના જે તે સમયના સંચાલકોએ ભૂમશ ગામમાં વાડી બનાવવાના નામે લોકો પાસે લાખોનું દાન ઉઘરાવ્યું હતું. આ ફરિયાદ મુજબ, વાડી માટે જમીન માલિક લાલજીભાઈ પરમાર સાથે 15 લાખમાં સોદો કરી 6.49 લાખ ચૂકવવામાં આવ્યા હતા. જોકે, બાદમાં આ સોદો રદ થયો હતો અને જમીન માલિકે ટ્રસ્ટને નાણાં પરત કરી દીધા હતા. આ પરત આવેલા નાણાં અને અન્ય દાતાઓ પાસેથી મળેલું અંદાજે 25 થી 30 લાખ જેટલું દાન વાડી બનાવવાના બદલે ટ્રસ્ટીઓએ પરસ્પર મિલીભગત કરી હડપ કર્યાનો આક્ષેપ કર્યો હતો.

આ આક્ષેપ સંદર્ભે કોર્ટે છ વ્યક્તિ સામે તપાસનો આદેશ કર્યો હતો. જેમાં જશવંતલાલ કાળીદાસ પંડ્યા (પ્રમુખ), જશવંતભાઈ હરિભાઈ દવે (ઉપપ્રમુખ), નવીનભાઈ હરિભાઈ દવે (મહામંત્રી), પ્રવિણભાઈ ઈશ્વરભાઈ દવે (મંત્રી), અરવિંદભાઈ મણીલાલ પંડ્યા (ખજાનચી) અને મહેશભાઈ રણછોડભાઈ પંડ્યા (ઓડિટર)નો સમાવેશ થાય છે.

આણંદ જિલ્લા ભાજપના 19 મંડળોમાં પ્રભારી - સહ-પ્રભારી નિમાયાં

# ભાજપ દ્વારા મહિલા કાર્યકરોને પણ મહત્વની જવાબદારી સોંપાઈ

**આણંદ જિલ્લા પ્રમુખ** સંજયભાઈ પટેલે સંગઠનને મજબૂત કરવા કરી જાહેરાત



**પ્રમુખ સ્થાને નિમણૂંક કરવામાં આવી**

| | |
|---|---|
| પેટલાદ શહેર : | ઝાલા નિમિષાબેન અરવિંદભાઈ |
| આંકલાવ શહેર : | પટેલ આરતીબેન દુષ્યંતભાઈ |
| ખંભાત શહેર : | બારોટ શિલ્પાબેન શૈલેષકુમાર |
| ઓડ શહેર : | ચૌહાણ સુધાબેન પ્રિતેશભાઈ |
| સોજિત્રા શહેર : | પરમાર ગીતાબેન જયંતીભાઈ |
| કરમસદ શહેર : | મકવાણા મીનાબેન મનોજભાઈ |
| બોરીયાવી શહેર : | પંચાલ એકતાબેન કલ્પેશભાઈ |

(પ્રતિનિધિ) આણંદ તા.14
આણંદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી સમયમાં રાજકીય ગતિવિધિઓને વેગ આપવા અને સંગઠનાત્મક માળખાને વધુ મજબૂત બનાવવાના હેતુથી નવી નિમણૂકો કરવામાં આવી છે. જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ દ્વારા જિલ્લાના વિવિધ 19 તાલુકા અને શહેરી મંડલો માટે પ્રભારી અને સહ-પ્રભારીઓની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ તમામ નિમણૂકો તાત્કાલિક અસરથી અમલમાં આવશે, જેથી આગામી કાર્યક્રમો અને સંગઠનાત્મક લક્ષ્યાંકોને સમયસર પૂર્ણ કરી શકાય.

આણંદ ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, આણંદ શહેરમાં દવે નિલેષભાઈ કેશવપ્રસાદને પ્રભારી અને રાણા કિશોરભાઈ નટવરલાલને સહ-પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. બોરસદ તાલુકા પ્રભારી તરીકે રાજ દેવીસિંહ હઠીસિંહ અને સહ-પ્રભારી તરીકે પટેલ ભરતભાઈ રમણભાઈની વરણી કરવામાં આવી છે. ખંભાત તાલુકામાં પઢીયાર દિનેશભાઈ રણછોડભાઈને પ્રભારી અને પટેલ કમલેશભાઈ રસિકભાઈને સહ-પ્રભારી બનાવાયા છે. પેટલાદ તાલુકામાં પટેલ સુનિત દિલીપભાઈને પ્રભારીની જવાબદારી અપાઈ છે, જ્યારે ઉમરેઠ તાલુકામાં પટેલ શ્વેતલભાઈ અરવિંદભાઈ પ્રભારી અને પટેલિયા દક્ષેશ ભીખાભાઈ સહ-પ્રભારી તરીકે સેવા આપશે. આ નિમણૂકોની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે મહિલા કાર્યકરોને પણ મહત્વના શહેરી મંડલોની જવાબદારી સોંપવામાં આવી છે.

આણંદ જિલ્લા ભાજપે આ નિમણૂકો દ્વારા અનુભવી અને સક્રિય કાર્યકરોને સ્થાન આપીને પાયાના સ્તરે પાર્ટીની કામગીરી પર દેખરેખ રાખવા અને કાર્યકરોમાં નવો ઉત્સાહ લાવવાની તૈયારીઓ શરૂ કરી છે. આ નવી ટીમની વરણી સાથે જ આણંદ જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને સંગઠનાત્મક પ્રભુત્વ વધારવાના ભાજપના આ પ્રયાસો આગામી ચૂંટણીઓ માટે સફળ નિવડશે તેવી મક્કમતા વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાનગર શહેર, તારાપુર તાલુકા અને આંકલાવ જેવા મહત્વના વિસ્તારોમાં પણ સક્ષમ હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીકમાં હોવાથી ભાજપે સંગઠનની નિમમૂંકમાં ઝડપ કરી છે.

# લુણાવાડા : ઈન્ફીનીટી સ્કૂલ પાસે ટ્રિપલ અકસ્માતમાં યુવકનું મોત

**બાલાસિનોર તરફથી** આવતી કારે પાછળથી ટક્કર મારી સર્જ્યો અકસ્માત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.14
લુણાવાડા હાઈવે રોડ પર ઈન્ફીનીટી સ્કૂલ સામે પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવતી એક અજાણી ફોર વ્હીલરે બે મોટરસાયકલોને ટક્કર મારી ટ્રિપલ અકસ્માત સર્જ્યો હતો. આ ગંભીર અકસ્માતમાં એક બાઈક સવાર યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

ભરથાજી મુવાડાના રહીશ મયુરકુમાર અર્જનભાઈ પટેલીયા પોતાની બાઈક લઈને સાસરી રાણપુર જવા નીકળ્યા હતા. ખાંટના ભેસાવાડા ગામે પેટ્રોલ પુરાવી તેઓ હાઈવે રોડ પર ચડ્યા હતા, તે દરમિયાન બાલાસિનોર તરફથી અત્યંત ઝડપે આવતી એક ફોર વ્હીલરે તેમની બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ કાર ચાલકે આગળ જતી અન્ય એક બાઈક (નં. જીજે 17 એએ 6524) ને પણ હડફેટે લીધી હતી.

આ અકસ્માતમાં મયુરકુમાર રોડ પર પટકાતા તેમને માથા અને જમણા પગના ઘૂંટણના ભાગે ઈજાઓ પહોંચી હતી. જ્યારે બીજી બાઈકના ચાલક વિરેનકુમાર ભરતભાઈ પટેલ (ઉ.વ. 38, રહે. કાળવા) ને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે લુણાવાડા કોટેજ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે વિરેનકુમાર પટેલને મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર મામલે અર્જનભાઈ ગેમાભાઈ પટેલીયાએ અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા અજાણ્યા ફોર વ્હીલ ચાલક સામે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉમરેઠ નજીક કારની ટક્કરે બાઈક ચાલકે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.14
ઉમરેઠથી ઓડ તરફ જતા માર્ગ પર ડુંગરીપુરા પાટિયા પાસે એક બેફામ ગતિએ આવતી કારે મોટરસાઈકલને જોરદાર ટક્કર મારતા બાઈક ચાલકનું કરૂણ મોત નિપજ્યું છે.

આણંદ જિલ્લાના ખાનપુર ગામના રહેવાસી મહેન્દ્રભાઈ બાબુભાઈ ગત 11મી ફેબ્રુઆરી,2026ના રોજ પોતાની સાસરી મોરઆંબલીથી સારસ ગામે પરત આવવા માટે મોટરસાયકલ પર નીકળ્યા હતા. દરમિયાન, ઉમરેઠથી ઓડ તરફ જતા માર્ગ પર ડુંગરીપુરાના પાટિયા પાસે સામેથી પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવતી એક અલ્ટો કાર (નંબર જીજે 38 બી 7321) ના ચાલકે મહેન્દ્રભાઈની બાઈકને જોરદાર હડફેટે લીધી હતી.

આ ગંભીર અકસ્માતમાં મહેન્દ્રભાઈને શરીરે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તેઓને તાત્કાલિક સારવાર અર્થે ઉમરેઠ સીએચસી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે મૃતકના ભાઈ શૈલેષભાઈ બાબુભાઈએ અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા કાર ચાલક વિરુદ્ધ ઉમરેઠ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાલાસિનોર પાસે ધૂમ બાઈક ટક્કરે વૃદ્ધને કાળ આંબી ગયો

**લગ્નનો જમણવાર** માણી પરત ફરી રહ્યાં હતાં તે સમયે જનોડ પાસે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.14
બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામે લગ્ન પ્રસંગમાં હાજરી આપી પગપાળા ઘરે પરત ફરી રહેલા 60 વર્ષીય વૃદ્ધ ખેતમજૂરને પૂરપાટ ઝડપે આવતા એક બાઈક ચાલકે હડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા વૃદ્ધનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, જોરાપુરા ગામે તેજસભાઈ રસીકભાઈ પટેલને ત્યાં ખેતમજૂરી કરતા મોહનભાઈ રામાભાઈ ઝાલા (ઉ.વ. 60, રહે. જાદવપુરા) ગત 13મી ફેબ્રુઆરી, 2026ના રોજ એક લગ્ન પ્રસંગમાં જમણવાર પતાવી પત્ની અને મિત્રો સાથે પગપાળા ઘરે જઈ રહ્યા હતા. તેઓ જ્યારે જનોડ પાટીયાથી મેઘલીયા તરફના ડામર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે મેઘલીયા તરફથી અતિશય ઝડપે આવતા બાઈક (નંબર જીજે 07 બીઈ 7521) ના ચાલકે મોહનભાઈને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં મોહનભાઈને માથાના ભાગે અને જમણા પગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે બાલાસિનોરની નવી કેએમજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે દિલીપભાઈ ચૌહાણે અકસ્માત સર્જનાર બાઈક ચાલક ભાવેશ સોમાભાઈ ચૌહાણ સામે બાલાસિનોર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક**
.LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**,વુલન સ્વેટરો**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, .ડબગરવાડ, સુરત

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે. Free Home Dilevery Mo. 9099645605 Surat. (Bhagal (797

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ (9898993303 (831

**કાર ડ્રાઈવર મળશે**
પ્રવાસમાં જવા, ઘરબેઠાં કાર શીખવા મેન્યુઅલ ઓટોમેટીક કાર ૯૮૨૫૨૬૩૪૨૯

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
ચારધામ યાત્રા (1) મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીગ Mo:- 9427803273/ (9825142005 (812

**બાલાજી ટુર્સ**
નેપાળ, વારાણસી 20-) 04, 11-05) (ગેંગટોક, દાર્જિલિંગ 20-04, 11-05) (ચારધામ 05-05, 15-05) 9824422116

**ચારધામ યાત્રા**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ .શાહ. 9426157371

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, ,સાંવરિયાજી, શ્રીનાથજી

નોકરી વિષયક

**પટાવાળા જોઈએ છે**
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ-નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ-૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં (નાનપુરા સુરત (832

**તાત્કાલિક જોઈએ છે**
પાસ હેલ્પર- ગાર્ડ- 10 લોડર, સુપરવાઈઝર- પુરુષ/ મહિલા ઉમેદવારો માટે, (પગાર: 28,000- 45,000) રહેવા- જમવાની સુવિધા 7827453997

**જોઈએ છે**
ઓફિસ વર્ક માટે છોકરી (10 પાસ) અઠવાલાઈન્સ સુરત Call 9825338389

**કતારગામમાં ઓફિસ**
કામ અને ડિલિવરી માટે સ્ટાફ જોઈએ 9979527161

**ભાડે આપવાની છે**
M.N.C, કોર્પોરેટ ઓફિસ, ઈન્સ્યુરન્સ કંપની, જીમ, ડોક્ટર કન્સલટન્સી, સર્વિસ સેન્ટર વગેરેને લાયક ઓફિસ લોંગ લીઝ પર આપવાની છે
2100 SQFT INTERNATIONAL WEALTH CENTER VIP ROAD, VESU
9512917163

**-જરૂરીયાત છે**
સેલ્સમેન (માર્કેટિંગ) અમારી કંપનીમાં કેમિકલ સંબંધિત માર્કેટિંગ કાર્યમાટે અનુભવી સેલ્સમેનની જરૂર છે. ઉમેદવાર પાસે ઓછામાં ઓછો 2- 3 વર્ષનો સેલ્સ અને માર્કેટિંગ ક્ષેત્રનો અનુભવ હોવો આવશ્યક છે. સારો કોમ્યુનિકેશને સ્કિલ, ક્લાઈન્ટ હેન્ડલિંગ ક્ષમતા અને માર્કેટની સમજ જરૂરી છે. રસ ધરાવતા ઉમેદવારો તાત્કાલિક સંપર્ક કરે. 9727870269, 9909283482

**લોનની કંપની માટે**
ટેલીકોલર છોકરી જોઈએ છે પાર્ટટાઈમ/ ફુલ ટાઈમ Location: નાનપુરા સુરત મો:- 9586817707

**FOR Sell**
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

મિલ્કત વેચવાની છે

**વેચવાનો છે**
BHK ફ્લેટ વેચવાનો 1 છે નાનપુરાના શાંત વિસ્તારમાં ગોપીનાથ ફરસાણની ગલીમાં Mo.No. (9427519026 (827

**બંગલો વેચવાનો છે**
ચો. વાર ગ્રાઉન્ડ 230 + 2 ફ્લોર (5 BHK) 6 સર્વોદય પાર્ક સોસાયટી વિવેકાનંદ ગાર્ડનની બાજુમાં ભટારરોડ સુરત સંપર્ક: (9825473666 (829

**બેડરૂમ, હોલ 2**
કિચનનો ફ્લેટ ભાઠા ગ્રીનસિટીમાં વેચવાનો (છે. 9016675711 (830

**ભટાર રોડ**
BHK ફ્લેટ ફર્નિચર 2 સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

**હોસ્પિટલને ભાડે આપેલી પ્રોપર્ટી વેચવાની છે- વેસુ, સુરત**
VIP રોડ, વેસુ, યુનિટ: 818 Sq.Ft. કાર્પેટ (મેડિકલ ફ્લોર), શરૂઆતનું ભાડું: રૂ. 57,260/- મહિને દર વર્ષે 5% ભાડામાં વધારો. 15 વર્ષની લીઝ/ 5 વર્ષ લોક-ઈન
Call Now: 9724230670

**કોર્મશીયલ રેસીડેન્ટ**
માટે વેચાણ હરિપુરા ભવાની મંદીર પાસે રોડ ટચ ૧૮'X૬૦' ની નિકાલવાળુ ચાર માળે ફ્લેટ ત્યા ભોયતળીય દુકાન ગોડાઉન માટે ૫૦ વર્પ ચાલે એવું R.C.C. નું મકાન (દલાલ માફ) ભવાની એસ્ટેટ (૯૯૯૮૯૩૪૧૫૪ (834

**પીપલોદ, વેલેન્ટાઈન**
નજીક, 5- બેડરૂમ, પાર્કિંગ વાળું રોહાઉસ વેચવાનું 9824510255

**ફ્લેટ વેચવાનો છે**
BHK ફુલ્લી 3 ફર્નિચર સાથે, નીલકંથ એવન્યુ, B- 203, પાલ લેક તળાવ પાસે, મો- 9016157488

**ફ્લેટ વેચવાનો છે**
BHK 1280 સ્કવેર 2 ફીટ, હવા ઉજાસ અને સેમી ફર્નીશ્ડ વાળો વૈષ્ણોદેવી ચાર રસ્તા દેવશ્રી બેનીટો મેઈન રોડ 9714497771

મિલ્કત જોઈએ છે

**જોઈએ છે**
BHK Flat ઘોડદોડ 2 રોડ, ભટાર, પાલ વિસ્તારમાં M.NO. (9427519026 (828

મિલ્કત ભાડે -વેચાણ

**વેચાણ - ભાડે**
નાનપુરા ટચ રોડ, ગુજરાતી કન્યાશાખા પાસે બીજે માળે ૧૨'X૪૫' નો ફ્લેટ રેસી/ કોમર્શીયલ બિલ્ડીંગમાં- (દલાલ માફ) ભવાની એસ્ટેટ (૯૯૯૮૯૩૪૧૫૪ (835

**વેચવાની છે / ભાડે**
આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી. સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ, ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્ક: કવન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩

વ્યવસાયીક ક્લાસીસ

**સંગીત શીખો**
કેશીયો તબલા હાર્મોનિયમ અમારા ક્લાસમાં તેમજ આપના ઘરે આવી શીખવીશું મળો:- (9825944456 (818

મિલ્કત ભાડેથી

**ન્યુ ડીમાર્ટ**
જહાંગીરાબાદ પાસે 3 BHK ફ્લેટ ભાડે આપવાનો છે. M: (9898685968 (826

**ભાડેથી- દુકાન**
રાંદેર મેઈન રોડ ટચ S.M.C ઝોન ઓફિસ સામે 30X૧૦ ની દુકાન મેડીકલ- સેલુન માટે ભાડેથી આપવાની છે (દલાલ માફ)- ભવાની એસ્ટેટ (૯૯૯૮૯૩૪૧૫૪ (833

લગ્ન વિષયક

**સુરત રહેતી**
વર્ષની SC કાસ્ટ 29 ડોક્ટર યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે સમકક્ષ પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, .NRI પાત્રો આવકાર્ય કાન્તિભાઈ વિકાણી (નિવૃત્ત બેંક મેનેજર ) M- 9409057024

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
/3612 /1484 /756 વિગેરેના પ્લોટ 7308 ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, (9825141500 (118

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

.અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં